**જન્મદિને વધામણી**



શર્મિષ્ઠાબેન પ્રવીણકુમાર ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દિનેશ જી પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



અર્ણવ શૈલેષ ત્રિવેદી
મો. ૮૭૫૮૪ ૨૨૦૬૦



હિતાશીબા ઝાલા

# શ્રી જે બી પ્રાથમિક શાળા રોલબૉલ સ્પર્ધામાં ઝળકી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ક્રિષ્ના ચંડીસરા અને પૃથ્વીરાજ ઝાલાની ટીમે રોલબૉલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધોરણ-૮ના વિદ્યાર્થી ક્રિષ્ના ચંડીસરા હૈદરાબાદ ખાતે ૧૬થી ૨૩ ઑગષ્ટ દરમિયાન રોલબૉલની નૅશનલ ઈવેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે. આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી વિદ્યાર્થિનીને સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# આર સી પટેલ સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ઍનઍસૅસ સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત જુદાં જુદાં રોપાંનું આરોપણ કરવામાં આવ્યું હતું.

આચાર્ય વિનોદભાઈ, સુપરવાઈઝર કેતકીબેન, સંજયભાઈ ત્રિવેદી, ડૉ. અરવિંદભાઈ તથા ઍનઍસઍસ આઑફિસર દિનેશભાઈ પટેલ અને ઍનઍસઍસના વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરની સરકારી વિનયન કૉલેજ ખાતે

# વિદ્યાર્થીનિઓ માટે સ્વરક્ષણ તાલીમ કાર્યક્રમ






સરકારી વિનયન કોલેજ-૧૫ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીનીઓ માટે તા. ૨૩/૦૭/૨૦૧૮થી ૨૭/૦૭/૨૦૧૮ પાંચ દિવસીય સ્વ-રક્ષણ તાલીમ (Self Defense Training) યોજાઇ ગઈ. આ તાલીમ પ્રજ્ઞેશભાઈ મેસરિયા અને લોકેશ્વર સિંગ દ્વારા આપવામાં આવી જેમાં કોલેજની વિદ્યાર્થીનઓને મુશ્કેલી સમયે સેન્ડલ, હેરપીન, દુપટ્ટો, મોબાઈલ જેવી વસ્તુ દ્વારા સ્વ-બચાવ કઈ રીતે કરી શકાય અને આગ લાગી હોય ત્યારે આગ બુઝાવવી અને સ્વ-બચાવ કરવો તે શીખવાડવામાં આવ્યું. આ તાલીમમાં વિદ્યાર્થીનઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય ડો. હિમ્મત ભાલોડીયા પ્રસંગોચિત ઉદબોધન આપી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી. આ સમગ્ર તાલીમનું આયોજન કોલેજના મહિલા પ્રાધ્યાપક ડો. જૉલીબેન દેસાઈ, ડો. ગીતબા ચાવડા, ડો. જ્યોત્સના ગોસ્વામી અને ડો. દિવ્ય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમના અંતે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુવક મહોત્સવની જાહેરાત

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી યુવક કલ્યાણ વિભાગ દ્વારા પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, યુનિવર્સિટીના વિદ્યા ભવનોના વિદ્યાર્થીઓ માટે આંતર કોલેજ યુવક મહોત્સવ સપ્ટેમ્બર-૨૦૧૮માં યોજાશે, એમ ગુજરાત યુનિવર્સિટીના નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર આ યુવક મહોત્સવ વિવિધ ત્રણ વિભાગમાં યોજાશે. યુવક મહોત્સવમાં વિભાગીય કક્ષાએ ભાગ લેવા માટે ગ્રુપની સંખ્યા જે તે વિભાગના અધ્યક્ષશ્રી તેમની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તેમની આયોજન સભામાં નક્કી કરશે. વ્યક્તિગત ઈવેન્ટમાં એક સ્પર્ધક વધુને વધુ બે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. તેમજ સામૂહિક ઈવેન્ટમાં પણ ભાગ લઈ શકશે. જ્યારે સામૂહિક ઈવેન્ટમાં ગમે તેટલી ઈવેન્ટમાં ભાગ લઈ શકાશે. દરેક વિભાગમાં એકતા જળવાય તે. માટે યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલ ઈવેન્ટોની જ સ્પર્ધા દરેક વિભાગે કરવાની રહેશે. વિભાગીય કક્ષાએ ઓછી એન્ટ્રી હોય તો પણ પરફોર્મન્સ કરવા દેવાશે, એમ વધુમાં જણાવાયું છે.

# કિશોરકુમારની જન્મતિથિ નિમિત્તે ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧

શ્રી મધુરમ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા મહાન ગાયક કલાકાર કિશોરકુમારની જન્મતિથિ ૪ ઑગષ્ટ નિમિત્તે તેમને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પવા માટે તેમના દ્વારા ગવાયેલાં હિન્દી ફિલ્મોનાં સુમધુર અને સદાબહાર ગીતોનો સંગીતમય કાર્યક્રમ 'આયે તુમ યાદ મુઝે' ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. શનિવારે રાત્રે ૯ કલાકે બાબા સાહેબ આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આ શો યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે ગાંધીનગરની સહુ કલાપ્રેમી જનતાને આ કાર્યક્રમ માણવા માટે સમયસર પધારવા મધુરમ ફાઉન્ડેશન વતી મધુબેન બી પ્રજાપતિ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે ગુજરાતીમાં અગ્રેસર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૧

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની જાહેર પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ગાંધીનગર જિલ્લાના પ્રથમ ૩ વિદ્યાર્થીઓ, વિષયશિક્ષકો અને શાળાનું સંસ્થા તરફથી જાહેર અભિવાદન કરવાનું આયોજન કરાયું છે.

ધોરણ-૧૦માં ગુજરાતી વિષયમાં ૮૫ ગુણથી વધુ માર્ક્સ મેળવનાર તથા ધોરણ-૧૨માં ગુજરાતી વિષયમાં ૮૫થી વધુ માર્ક્સ મેળવનારે જ માર્કશીટની નકલ તેમજ ગાંધીનગર જિલ્લાના વતની હોવાના આધાર-પુરાવા સાથે તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૧૮ સુધીમાં ભાનુભાઈ પુરાણીને પ્લોટ નં. ૧૦૩/૨, સૅક્ટર-૨ એ, ગાંધીનગર (મો. ૯૯૦૪૨ ૫૬૧૧૪)ને પહોંચાડવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બી.સી.એ. કોલેજ ખાતે ''ક્લાઉડ કમ્પ્યૂટિંગ' સેમિનાર

ગાંધીનગર, તા. ૧


કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓએ માટે ''ક્લાઉડ કમ્પ્યૂટિંગ' પર સેમિનાર કોલેજ ખાતે યોજાયો. આ સેમિનારમાં વિષય તજગ્ન તરીકે શ્રી ભદ્રેશ ગોસાઈએ સેવાઓ આપી હતી.

કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે આગામી સમયમાં જ્યારે ઘરમાં, ઓફિસમાં કે બિઝનેસમાં વપરાતા અગત્યના ડોક્યુમેંટ્સ અને ડેટાને લાંબા સમય સુધી સાચવવા એ ખરેખર અગત્યનું અને અઘરું થઈ પડ્યું છે ત્યારે, ક્લાઉડ કમ્પ્યૂટિંગ અને ક્લાઉડ સર્વિસિસ એ આ દિશામાં એક આશાનું કિરણ છે. આ સ્થિતિને અનુકૂળ થવા માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



ક્લાઉડ કમ્પ્યૂટિંગ વિષે વધુ માહિતી આપતા વિષય તજગ્ન શ્રી ભદ્રેશ ગોસાઈએ ક્લાઉડ શું છે ? ક્લાઉડ કમ્પ્યૂટિંગની અગત્યતા અને ક્લાઉડ ઈનફ્રાસ્ટ્રક્ચર વિષે વિગતવાર માહિતી આપી હતી. વિશેષમાં તેઓએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે સાંપ્રત સમયમાં ક્લાઉડ સર્વિસિસ એ માત્ર વેબ સાઈટ પૂરતી મર્યાદિત ન રહેતા તે મોબાઈલ બેઈઝડ ક્લાઉડ, ડેટા સ્ટોરેજ બેઈઝડ ક્લાઉડ, વર્ચુયલ મશીન અને સર્વર બેઈઝડ ક્લાઉડ ક્ષેત્રે પણ તેનો ઉપયોગ વધી રહ્યો છે. આજકાલ વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસમાં આવતા પ્રોજેકટમાં લાઈવ વેબસાઈટ બનાવતા થયા છે ત્યારે વેબ ડોમેન અને વેબ હોસ્ટિંગ પણ ક્લાઉડ બેઈઝડમાં બહોળી તકો રહેલી છે. આજકાલ યુવાનોમાં ખૂબ પ્રચલિત એવા ફેસબુકનું ડેટા સર્વર પણ ક્લાઉડ બેઈઝડ મેનેજમેન્ટ ધરાવે છે. સેમિનારના અંતમાં શ્રી ભદ્રેશ ગોસાઈએ વેબસાઈટ ડેવેલોપિંગ વિધાઉટ ડોમેઈન, સોશિયલ નેટર્વકિંગ યુઝિંગ ક્લાઉડ કમ્પ્યૂટિંગ, મેન્ટેનન્સ અને હોસ્ટિંગ ક્ષેત્રે ક્લાઉડ સર્વિસિસનું લાઈવ ડેમોસ્ટ્રેશન વિદ્યાર્થીઓને આપ્યું હતું. આ સમગ્ર સેમિનારમાં સેમેસ્ટર - ૩ના ૭૫ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે આ ક્ષેત્રમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું હતું. સેમિનારનું આયોજન પ્રો. પૂજા જોશી, પ્રો. પાલક પટેલ અને ડો. નિધિ દિવેચા દ્વારા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું.

# ગાંધીનગર શહેરને આગવું, હરિયાળું, પારદર્શક વહીવટનું નગર બનાવીએ



ગાંધીજીના નામે આમ તો એક સર્વે મુજબ દેશમાં વિવિધ ભાગોમાં ૧૧૭ ગાંધીનગરો છે. પરંતુ આપણું ગાંધીનગર રાજ્યની રાજધાનીનું નગર છે અને તે ગુજરાત રાજ્યનું આઠમું પાટનગર આગવી ઓળખ ધરાવતું શહેર છે.

ગાંધીનગરની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહ માટે તા. બીજી ઑગષ્ટ, ૧૯૬૫ના રોજ મુકાઈ અને ૧૯૯૫માં તો એ વિશ્વના સૌથી હરિયાળા પાટનગર તરીકે બિરુદ પામ્યું. જેમાં લોક સહકાર અને રાજ્ય સરકારની ઈચ્છાશક્તિથી હરિયાળા શહેરમાં ગણતરી થઈ રહી છે.

વિશ્વની દૃષ્ટિએ જોઈએ તો વિશ્વનું સૌથી પુરાણું શહેર 'એથેન્સ' ગણાય છે, જેનો ઈતિહાસ ૩૪૦૦ વર્ષ જૂનો છે અને તેથી જ લોકશાહીના જન્મસ્થાન તરીકે તે પ્રસ્થાપિત ગણાય છે.

તે જ રીતે ગાંધીનગર શહેર ભલે નવું હોય પરંતુ જિલ્લા અને આસપાસની જગાનો પણ ભવ્ય ઈતિહાસ છે. ૧૩૪૭માં મહમદ તઘલખ ગાંધીનગરથી પસાર થઈ આગળ વધ્યો હતો. તે જ રીતે અનેક બાદશાહો, ઠાકોર રાજાઓ અને મરાઠા રાજાઓએ રાજાપાઠ ભોગવી વડોદરા રાજ્ય, બ્રિટીશ સલ્તનતનો ભાગ બનીને પણ ગાંધીનગર જિલ્લાએ અનુભવ લીધો છે. જો કે ગાંધીનગર રાજ્યનું આઠમું પાટનગર છે. દ્વારિકા, ગિરિનગર (જૂનાગઢ), વલભી (ભાવનગર), અણહીલપુર (પાટણ), સૌરાષ્ટ્રનું ગુજરાતી રાજ (રાજકોટ), ૧૯૬૦થી ૧૯૭૦ અમદાવાદ અને બીજી ઓગષ્ટ, ૧૯૬૫ના રોજ ગાંધીનગરને પાટનગરનું સ્થાન મેળવ્યું છે.

વિશ્વના હરિયાળા શહેરનું બિરુદ તો ગાંધીનગરે ગુમાવી દીધું છે છતાં તેની હરિયાળી, સ્વચ્છતા અને પારદર્શકતા મેળવી રાજ્યો અને રાજ્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે તે માટે તેનો જિલ્લાનો ઈતિહાસ સાચવવાની જવાબદારી સ્થાયી થયેલ શહેરીજનોની છે.

૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૮૦ કિમી લંબાઈની રેલવે લાઈનો છે, ૧૧ રેલવે સ્ટેશનો છે અને માનવરહિત રેલવેક્રોસિંગ પણ ગાંધીનગર શહેર ને જિલ્લામાં છે. ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ, રાજ્ય ધોરીમાર્ગો, અન્ય ૧૨૧ માર્ગો થઈ ૭૨૦ કિમીના રસ્તા હયાત છે.

ગાંધીનગરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ વિશેષ રહ્યું છે. ખુલ્લા રસ્તા, ટ્રાફિક સિગ્નલનો અભાવ, નાગરિકો, વાહન-ચાલકોની બેદરકારી જેવાં અનેક કારણોથી ૨૦૧૬માં ૨૮ અકસ્માતમાં મૃત્યુ નોંધાયા અને ૨૦૧૭માં તે પણ વધીને ૪૨ લોકોએ માર્ગ અકસ્માતમાં પોતાનો જાન ગુમાવ્યો છે. તે જ રીતે અનુક્રમે ૮૧૨ અને ૨૩૯ અકસ્માતો ગાંધીનગરમાં નોંધાયા છે. આ જાનહાનિ રોકવા નગરજનોએ પણ કટીબદ્ધ થવાનો સમય પાકી ગયો છે.

દેશમાં પાટનગર તરીકે ચંદીગઢ, સિકંદરાબાદ, ન્યુ દિલ્હી જેમ ગાંધીનગર પણ વસ્યું તે પહેલાં પણ અનેક પાટનગરો આસપાસ એથેન્સ માફક ઓરુવિલા જેવાં નગરો રચાયાં. ગાંધીનગર આસપાસ સિટી વિધિન સિટી તરીકે ઈન્ફોસિટી અને હવે નવું શહેર ઝડપથી આકાર લઈ રહ્યું છે ગિફ્ટ સિટી પણ ગાંધીનગરની દેશને ભેટ છે. ત્યારે, ગાંધીનગર શહેરને તેના નાગરિકો દ્વારા ૧૧૭ ગાંધીનગર હોવા છતાં આગવું, હરિયાળું, પારદર્શક વહીવટનું બિરુદ મળે તેવી શુભકામનાઓ, અપેક્ષા અને પ્રતિક્ષા. શહેરનો જન્મદિન સૌ શહેરીજનોને મુબારક!

- અરૂણ બુચ

## બી.બી.એ. કોલેજ તેમજ ICICI ડાયરેક્ટના સંયુક્ત ઉપક્રમે વુમન એન્ટપ્રેન્યોરશીપ અંતર્ગત ''અર્નિંગ વિથ લર્નિંગ'' વિષય પર વર્કશોપ યોજાયો

# ઝીરો રૂપિયાના રોકાણ સાથે એન્ટરપ્રેન્યોર બનવાની ઉજવવળ તક




ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા વિષય પર વર્કશોપનું આયોજન થયું હતું. વર્કશોપ માં બીબીએ ની કુલ ૧૬૫ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીનીઓને તેમના અભ્યાસક્રમ નાં ભાગરૂપે ભણતા ફાઈનાનસીયલ મેનેજમેન્ટ વિષયની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી જેમાં ભારતીય અર્થતંત્રની ફાઈનાન્શીયલ સીસ્ટમમાં કેપિટલ માર્કેટ તેમજ મની માર્કેટનું કેવું મહત્વપૂર્ણ યોગદાન છે, તેની વિસ્તૃત માહિતી આપવા માં આવી હતી. ICICI ડાયરેક્ટ તરફથી ઝંખના શ્રીવાસ્તવ (આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ,માર્કેટિંગ) ખાસ મુબઈ થી વિદ્યાર્થીનીઓ ને તાલીમ આપવા ગાંધીનગર આવ્યા હતા. તેમજ તેમની સાથે તજજ્ઞ આશિષ મુંબઈ વાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખૂબ અસરકારક રીતે ફાઈનાન્સ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ અને સ્ટોક માર્કેટની ખૂબ ઊંડાણ પૂર્વક સમજ આપી હતી.

ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીનીઓ ને NSF પરીક્ષા માટે તૈયાર કર્યા અને મોક પરીક્ષા તૈયારી બાબતે માર્ગદશન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ નું આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના હેડ ડો. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે વિદ્યાર્થીઓનો પ્રતિભાવ લેવામાં આવતાં વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓને વર્કશોપ દ્વારા ફાઈનાન્સ વિષયનું ખુબ ઊંડાણ પૂર્વક પ્રાયોગિક જ્ઞાન મળ્યું હતું જે તેઓને તેમની વ્યવસાયિક કારકિર્દીમાં ઉપયોગી સાબિત થશે.